# શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા®

નવેમ્બર ૨૦૦૮ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૧ અંક ૬


પ્રિય ભાઈઓ અને બહેનો,

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટરના વર્ષ ૨૦૦૮ના છેલ્લા અંકમાં આપનું સ્વાગત છે. આપણા મિશનના ભારતભરનાં સમાચારોને એકત્રિત કરી, તેનો અનુવાદ કરી તેને આઠ પ્રાદેશિક ભાષાઓમાં મોકલવાના કામનો અમલ કરવામાં ન્યુઝલેટર ટીમનું આ વર્ષ પસાર થયું છે. અનુવાદ ટીમના સભ્યોના ખરા દિલથી આપેલા સહકાર વિના, ન્યુઝલેટરનું પ્રકાશન સમયસર શક્ય બન્યું ન હોત. દિનપ્રતિદિન અમને મળતા રહેલા અનેક પ્રતિભાવો અને સમાચારો, સ્વયંસેવકો, ઝોનલ કોઓર્ડિનેટરો અને ઝોન-ઈન-ચાર્જો દ્વારા દર્શાવેલાં અત્યંત ઉત્સાહને કારણે જ શક્ય બન્યાં છે.

ન્યુઝલેટરના નવેમ્બર અંકમાં પૂ.માસ્ટરની તામિલનાડુ, ચીન અને આંધ્ર પ્રદેશની મુલાકાતોના અહેવાલો છે. આ અંકના મુખ્ય સમાચારોની વિગતોમાં, ભારતભરની અનેક શાળા-કોલેજોમાં યોજવામાં આવેલી નિબંધ સ્પર્ધા, ટ્રેનીંગ કાર્યક્રમો, ઓપન હાઉસ સેશનો અને વી.બી.એસ.ઈ.ના કાર્યક્રમો છે.

જાન્યુઆરી ૨૦૦૯ના અંક માટે સમાચાર-લેખો મોકલવાની છેલ્લી તારીખ ૧૫મી ડિસેમ્બર ૨૦૦૮ છે. તમારા સમાચારો અને તેની સાથે તેનાં થોડાં ફોટાઓ, તમારા ઝોન-ઈન-ચાર્જ અથવા ઝોનલ કોઓર્ડિનેટર દ્વારા મોકલવા વિનંતી.

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર ટીમ

## મદુરાઈની યાદગાર મુલાકાત



ત્રિચીથી નીકળીને ૩૦મી ઓગસ્ટની સાંજે પૂ.માસ્ટર મદુરાઈ આશ્રમ પહોંચ્યા હતા. ચેન્નાઈ અને તિરૂપુર પછી, તામિલનાડુના મોટાં આશ્રમોની સરખામણીમાં, મદુરાઈનો નંબર આવે છે. આ આશ્રમ લગભગ ૩ એકર જમીનમાં પથરાયેલો છે અને મદુરાઈની દક્ષિણે આવેલા જુદા જુદા સેન્ટરોમાંથી પૂ.માસ્ટર સાથે શનિ-રવિવાર ગાળવા આવેલા ૨૦૦૦ અભ્યાસીઓને, કંઈક અંશે કાયમી કહી શકાય તેવા મેડિટેશન હોલમાં સમાવી શકાયા. ડેલિગેટ કાર્ડ પરનું લખાણ હતું, 'ગુરુજીના પ્રેમપ્રકાશમાં રહેવું.'

૩૧મી ઓગસ્ટ, રવિવારે, સત્સંગ પછી પૂ.માસ્ટર ૩૦ મિનિટ સુધી શુદ્ધ તમિલમાં બોલ્યા હતા. તેમનો વિષય હતો, કૌટુંબિક જીવન અને આધ્યાત્મિકતા. તેમણે કહ્યું કે બહેનોએ તેમના પતિનો હાથ તો ઝાલવો જોઈએ પણ તેમના દિલમાં તો માસ્ટર જ હોવા જોઈએ. સહજ માર્ગમાં પતિ અને પત્ની બન્ને સાથે આવે તે તો વધારે સારું જ છે. સુખી દાંપત્યજીવન માટે આપણે ત્રણ ચીજોને ત્યજવી જોઈએ –ક્રોધ, શંકા અને ઈર્ષ્યા. છેલ્લે પૂ.માસ્ટરે કહ્યું કે આપણે જમીન પર ઘર બાંધવાના વિચારોમાં જ વ્યસ્ત રહેવા કરતાં આપણાં આંતરિક 'ઘર'ને યાદ કરવું જોઈએ.

કેટલીક યાદગીરી માટે પૂ.માસ્ટરે મદુરાઈના એ લગ્નસ્થળની મુલાકાત લીધી, કે જ્યાં તેમનું પોતાનું લગ્ન થયું હતું. તેઓ પછી વલમજી મેન્શન ગયા, કે જ્યાં પહેલાં સત્સંગ થતો હતો. પૂ.માસ્ટર જ્યારે ટી.ટી.કે. કંપનીમાં કામ કરતા હતા, ત્યારે તેઓ આ વિસ્તારમાં ઘણીવાર આવતા હતા અને જ્યારે તેમણે તેમની એ જૂની યાદોની વાતો કરી, ત્યારે તેમની સ્મૃતિ તાજી થઈ હતી.

પછી તેમણે વિરુધુનગર પાસે આવેલા ચિન્નાવલ્લીકુલમ આશ્રમની મુલાકાત લીધી અને ત્યાંના પ્રાદેશિક અભ્યાસીઓ સાથે કેટલોક સમય આરામથી વીતાવ્યો. તેમણે કહ્યું, "હું જ્યારે જ્યારે અહીં આવું છું, ત્યારે મને ઊંઘ બહુ સરસ આવે છે!" પછી તેમણે બાબુજી મહારાજ જ્યારે વિરુધુનગર આવ્યા હતા, ત્યારના કેટલાક જૂના ફોટાઓનું આલ્બમ જોયું. એક મોટો ગ્રુપ ફોટો જોઈને તેમણે જૂના અભ્યાસીઓને ઓળખી બતાવ્યા. વિરુધુનગરની ટી.ટી.કે. કંપનીના તેમના મોટાભાગના સહસાથીઓ મૃત્યુ પામેલા હોવાનું જાણીને તેમને દુ:ખ થયું.

હંમેશની જેમ, પૂ.માસ્ટર દરરોજ અનેક અભ્યાસીઓને મળતા હતા અને તેમની અંગત વિનંતીઓ અને સમસ્યાઓ સાંભળતા હતા. સપ્ટેમ્બરની ૩જીએ પૂ.માસ્ટર વિમાનમાર્ગે ચેન્નાઈ જવા રવાના થયા.








## પૂ.માસ્ટરની ચીનની ઐતિહાસિક પ્રથમ મુલાકાત

(૧૬-૨૩ સપ્ટેમ્બર ૨૦૦૮)

પૂ.માસ્ટર શાંઘાઈ પુડોન્ગ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઊતર્યા અને ઈમિગ્રેશન વગેરે પસાર કર્યા પછી, મોટરકારમાં બેસતી વખતે બોલ્યા, "આખરે, આપણે ચીનમાં છીએ." સ્વાગતાર્થે, ત્યાંના સ્થાનિક તેમજ અન્ય દેશોમાં રહેતાં ચાઈનીઝ અભ્યાસીઓનું એક નાનું જૂથ પૂ.માસ્ટરના રહેઠાણ, ગ્રીન કોર્ટ પર, તેમની પ્રતિક્ષા કરી રહ્યું હતું. તરત જ તેમણે સત્સંગ કરાવ્યો અને કહ્યું, "ચાલો આપણે દારૂખાનું ફોડીએ અને બેઈજિંગ ઓલિમ્પીક્સની જેમ ટોર્ચ સળગાવીએ." પછી તેમણે પૂછ્યું કે તે ઓરડામાં હાજર રહેલાં સૌ, અભ્યાસીઓ છે કે નહીં, પણ પછી તેમણે તરત જ ઉમેર્યું કે જોકે તે જરૂરી નથી, કારણ કે તેઓ સમગ્ર ચીનમાં પ્રાણાહુતિ સંચારિત કરશે.


ચીનમાં પૂ. માસ્ટરે ત્રણ દિવસનો, "હૃદયની ભાષા" વિષયને આધારિત સેમિનારનું સંચાલન કર્યું હતું. ત્યારબાદ ચાળીસ જેટલાં અભ્યાસીઓના જૂથ સાથે તેમણે શહેરના જોવાલાયક સ્થળોની મુલાકાત માટે અને ખરીદી માટે સમય ફાળવ્યો. કેટલીક વાર, તેઓ ભોજન પછી ઘણાં લાંબા સમય સુધી વાતો કરતા રહેતા હતા. ચીન વિશે વાત કરતાં તેમણે ચાઈનીઝ અભ્યાસીઓને આશીર્વાદ આપ્યા અને આજે વાવેલા બીજમાંથી ભવિષ્યમાં ફળદ્રુપ ફસલ મળે તેવી આશા વ્યક્ત કરી. વિશેષમાં તેમણે કહ્યું કે ચીનના શાનઝી વિસ્તારમાં આવેલ ઝીયાન શહેરમાં સહજ માર્ગ વિકસવા લાગશે.

SRCM

# ECHOES INDIA

નવેમ્બર ૨૦૦૮ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૧ અંક ૬





સેમિનારમાં ખાસ ચાઈનીઝ લોકોને અનુલક્ષીને પૂ.માસ્ટરે સંદેશ આપ્યો, તેમણે કહ્યું –

> આપણે રાષ્ટ્ર, ધર્મ, વગેરે દ્વારા આપણને અલગ માનીએ છીએ. આ ભેદભાવો કંઈ ઈશ્વરે સર્જ્યા નથી. ઈશ્વરે માનવી અને પ્રેમ સિવાય બીજું કંઈ નથી સર્જ્યું.
>
> આપણે પહેલાં માનવ થવાની આશા રાખીએ અને પછી બીજાંઓને માનવ થવા માટે મદદ કરીએ.
>
> અમે તમારી સમક્ષ પસંદગીનો આ વિકલ્પ લઈને આવ્યા છીએ અને અમે એટલા માટે આવ્યા છીએ કે તે વિકલ્પ દ્વારા તમારા જીવનને સહાય મળે અને તમારી ખોવાઈ ગયેલી આંતરિક સ્વતંત્રતા તમને પાછી મળે. સહજ માર્ગ સ્વતંત્રતાનો માર્ગ છે.

"શું આપણે ખરેખર 'તેની' સેવા કરવા ઈચ્છીએ છીએ? તેને માટે 'સી.એ.ડી.' ગુણો જરૂરી છે:

સી એટલે કમીટમેન્ટ(પ્રતિબદ્ધતા), એ એટલે એપ્લીકેશન(ખંત) અને ડી એટલે ડીટરમીનેશન(નિર્ધાર)."

– પી.રાજગોપાલાચારી, ચીન ૨૦૦૮

## પૂ.માસ્ટરની હૈદ્રાબાદની મુલાકાત

૧૧મી ઓક્ટોબર, શનિવારે ચેન્નાઈથી પૂ.માસ્ટર હૈદ્રાબાદ આવ્યા. આશ્રમના મુખ્ય દરવાજાથી કોટેજ જતા રસ્તા પર શાંતિથી, શિસ્તબદ્ધ રીતે ઊભા રહેલાં હજારો અભ્યાસીઓએ તેમનું સ્વાગત કર્યું. પૂ.માસ્ટરે સાંજનો સત્સંગ મેડિટેશન હોલમાં કરાવ્યો.

પૂ.માસ્ટર તેમની મુલાકાત દરમિયાન આંધ્રપ્રદેશના જુદા જુદા ભાગોમાંથી આવેલા અભ્યાસીઓને મળ્યા અને તેમણે મિશનની વિવિધ વ્યવસ્થાપકીય બાબતો ઉપર ચર્ચા કરી. તેમણે ૪ નવા પ્રશિક્ષકો બનાવ્યા અને તે દરમિયાન તેઓ ખુશ અને સ્વસ્થ જણાયા.

૧૨મીએ, રવિવારની સવારે સત્સંગ પછી પૂ.માસ્ટરે ૩ લગ્નો કરાવ્યાં. તે પછી પૂ.માસ્ટરે વક્તવ્ય આપ્યું, તેમણે કહ્યું: "મારા કાર્યના બે પાસાંઓ છે, ૧: મારા ગુરુજી મને પરવાનગી આપે તેનાથી વધારે હું કશું કરી ન શકું. ૨: જે કરવાની તેઓ મને પરવાનગી આપે, તે કરવા માટે મારી પાસે શક્તિ અને ઈચ્છા હોવાં જ જોઈએ. ૩: ત્રીજું અને સૌથી મહત્વનું એ છે કે તે કાર્ય કરવા અને તે કાર્ય સફળ થાય તે માટે તમારા સહકારની આવશ્યકતા છે. સહકાર એટલે સહજ માર્ગના દસ નિયમો મુજબ જીવન જીવવું, પદ્ધતિ અનુસરવામાં નિયમિતતા, બાહ્ય અને આંતરિક શિસ્ત, ભૌતિક અને આધ્યાત્મિક શિસ્ત, ઘરમાં અને ઘરની બહાર શિસ્ત, અને સૌથી વધારે તો તમારા વિચારોના નિયમનમાં શિસ્ત. કારણ કે જે કંઈ સમસ્યાઓ ઊભી થાય છે, તેનું મૂળ તે જ છે.






રવિવારે બપોરે પ્રશિક્ષકોની મિટિંગ હતી, જેમાં આંધ્ર પ્રદેશમાંથી ૧૨૫ કરતાં વધારે પ્રશિક્ષકો હાજર રહ્યાં હતાં. પ્રશિક્ષકોને પૂ.માસ્ટરના ૮મી ઓક્ટોબરના સંદેશ પર તેમજ સવારના વક્તવ્ય પર વિચારવાની તક મળી. પછીથી પૂ.માસ્ટરે આવીને પ્રશિક્ષકોને સંબોધન કર્યું હતું અને ત્યાર પછી સિટિંગ આપી હતી.

સાંજે પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો અને તેમનું પ્રસ્થાન એક દિવસ વહેલા કરવાનું નક્કી કર્યું. તેમણે કહ્યું કે તેમનું કાર્ય વહેલું પૂરું થયું હતું.

સોમવારે પૂ.માસ્ટર દોમાલગુડા યોગાશ્રમ જવા નીકળ્યા, આ આશ્રમની મુલાકાતે તેઓ લગભગ પાંચ વર્ષ પછી જતા હતા. પૂ.માસ્ટરે ત્યાં સાંજનો સત્સંગ કરાવ્યો અને આશ્રમ પર જ રાત પસાર કરી. મંગળવારની સવારે પૂ.માસ્ટર કોલકતા જવા નીકળ્યા.





## સદાચાર અને નૈતિકતા

### અન્ના યુનિવર્સિટી, ચેન્નાઈ

૨૧ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ અન્ના યુનિવર્સિટીના પ્રીન્ટીંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના, એન્જિનિયરીંગ શાખાના ૧૨૫ વિદ્યાર્થીઓ માટે વાર્તાલાપ અને વિચારોના આદાન-પ્રદાન માટે બે કલાકનું એક સેશન અન્ના યુનિવર્સિટીના કેમ્પસમાં રાખવામાં આવ્યું હતું. એસ.આર.સી.એમ.ના જોઈન્ટ સેક્રેટરી શ્રી એ.પી.દુરાઈના વક્તવ્યનો વિષય હતો, "મંઝિલ પર પહોંચતો માર્ગ સદાચાર અને નૈતિકતાથી જડાયેલો હોય છે." તેમણે આની સહજ માર્ગ તરફથી અને પૂ.માસ્ટરના વર્ષોનાં નિરીક્ષણોની રજૂઆત કરી. "સદાચાર તમારી અને બીજાં સૌની સાથે સંબંધ ધરાવે છે. જ્યારે નૈતિકતાનો સંબંધ તમારી સાથેનો હોય છે, નૈતિકતા એટલે તમારી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પદ્ધતિને નુકસાન કરે તેવું કંઈ પણ ન કરવું."
ઘણાં વિદ્યાર્થીઓએ ગુરુજી અને મિશન વિશે પ્રશ્નો પૂછ્યા હતા અને ઘણાંએ બાબુજી મેમોરિયલ આશ્રમની મુલાકાત લેવા માટે રસ દાખવ્યો હતો. ઉપરી વ્યાખ્યાતા (સીનીયર લેકચરર) શ્રી કે.વીપીનેન્દ્રન, કે જેઓ નવા અભ્યાસી છે, તેમણે આ સેશનનું આયોજન કર્યું હતું.





## પ્રકાશન વિભાગ - નવીન



આ દિવાળી પર તમિલના બે વક્તવ્યો ધરાવતી ડીવીડીનું વિમોચન થયું હતું.

૧) ૨ માર્ચ ૨૦૦૮ના રોજ મેડિટેશન હોલના ઉદઘાટન વખતનું વક્તવ્ય (૨૫ મિનિટ)

૨) ૨૧ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ મદુરાઈમાં અપાયેલું વક્તવ્ય (૨૦ મિનિટ)

## આશ્રય - ઘરડાંઘર

પૂ.માસ્ટરના વરદ હસ્તે ઈરોડ ખાતે, 'આશ્રય' નામના ઘરડાઘરનું ઉદઘાટન કાવામાં આવ્યું હતું, જેમાં ૨૫૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. આનું દાન એક અભ્યાસી ભાઈ તરફથી આવ્યું છે.

તિરુપુરથી થોડાં અભ્યાસીઓના આગમન બાદ સવારે સાત વાગ્યે કાર્યક્રમ શરૂ થયો હતો. સત્સંગ બાદ થોડા ભાઈઓએ સમાજ પ્રત્યે અને ઘરડાંઓની કાળજી બાબતે સહજ માર્ગનો અભિગમ વિશે વક્તવ્યો આપ્યાં હતાં.

ભાગ લેનારાઓ ગ્રહણશીલ હતા અને બધાંને વાતાવરણ ખૂબ સુંદર લાગ્યું હતું તેમજ સૌએ પૂ.માસ્ટરના આશીર્વાદ અનુભવ્યા હતા.





## આંતરરાષ્ટ્રિય શાંતિ દિન



૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ યુનાઈટેડ નેશન્સના આંતરરાષ્ટ્રિય શાંતિ દિન નિમિત્તે મિશનના સમગ્ર દુનિયાના કેન્દ્રોમાં પ્રાર્થના સત્ર યોજવામાં આવેલું હતું. ગુજરાતમાં બુધવારના સત્સંગના સ્થળે અભ્યાસીઓની સાથે તેમના મિત્રો અને સાથીઓને પણ ભાગ લેવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. પ્રાર્થના પછી, પૂ.માસ્ટરનું લખનૌ ખાતેનું વક્તવ્ય ઓડિયો સીડી દ્વારા સાંભળવામાં આવ્યું હતું અને તેને વાંચવામાં પણ આવ્યું હતું. તેને કારણે આમંત્રિતો માટે સહજ માર્ગ શું કરે છે, તે મુદ્દો ખૂબ જ સારી રીતે રજૂ થયો હતો.

## મેંગલોર, કર્ણાટક

૨૪મી ઓગસ્ટના રોજ મેંગલોર સેન્ટર ખાતે ભાઈ મોહનદાસ હેગડેએ એડવાન્સ્ડ ટ્રેનીંગ સેમિનારનું સંચાલન કર્યું હતું. મિશનની સાચી સમજ મેળવીને અભ્યાસીઓનો આધ્યાત્મિક વિકાસ થાય તે તેનો હેતુ હતો. તદુપરાંત પૂ.માસ્ટરની સતત આધ્યાત્મિક સહાય મેળવવા માટે પણ અભ્યાસીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

આ સેમિનારની ખાસ વાત એ હતી કે તેમાં નવા અને જૂના એમ બંન્ને અભ્યાસીઓ માટે ઉપયોગી એવી મૂળભૂત વિગતોની સમજૂતી આપવામાં આવી હતી. ભંડારામાં જવાની જરૂરિયાત, ગુરુ પ્રત્યે પ્રેમ અને પ્રાર્થનાનું મહત્વ સમજાવવામાં આવ્યા હતા. પૂ.માસ્ટરની દુબઈ ખાતે અભ્યાસીઓ સાથે થયેલી ચર્ચાનો વિડિયો દર્શાવવામાં આવ્યો હતો, જેમાં તેમણે સમજાવ્યું હતું કે અવસ્થા કેવી રીતે સર્જવી. જ્યારે માસ્ટરે અભ્યાસીમાં દિવ્ય અવસ્થા સર્જી હોય, ત્યારે અભ્યાસીએ તે વારંવાર યાદ રાખવી જોઈએ અને તે જ્યાં સુધી તેને જાળવી શકે, ત્યાં સુધી તેણે તેને જાળવવી જોઈએ.

## કોડાઈકેનાલ, તમિલનાડુ

મિશનના પ્રયત્નોથી સહજ માર્ગને આ પર્યટનસ્થળ સુધી લઈ જવાનો ફાળો મદુરાઈ સેન્ટરના અને કોડાઈકેનાલના અભ્યાસીઓનો છે.

બ્રિન્દાવન પબ્લીક સ્કૂલ - ૧૨મી સપ્ટેમ્બરના રોજ ૨૦ શિક્ષકો સમક્ષ સહજ માર્ગ પર વ્યાખ્યાનનું સ્થળ બ્રિન્દાવન પબ્લીક સ્કૂલ હતું. તેમાં પદ્ધતિ, મિશન, ગુરુજીઓ, પદ્ધતિની રીત અને વ્યવહારિક લાભો, એ વિષયોનો સમાવેશ થયેલો હતો. કેટલાક શિક્ષકોએ પદ્ધતિમાં જોડાવામાં રસ દાખવ્યો હતો. આચાર્ય શ્રી મુન્ના સિંઘે ખૂબ સારો સહકાર આપ્યો હતો અને તેઓ ટૂંક સમયમાં શિક્ષકો માટે વી.બી.એસ.ઈ. ટ્રેનીંગ દાખલ કરવા માટે તૈયાર થયા હતા.

શ્રી જયેન્દ્ર સરસ્વતી કોલેજ, ગ્રામીણ વિકાસ શિક્ષણ સંસ્થા છે અને ત્યાં બે દિવસનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. પહેલે દિવસે, ૨૬મી સપ્ટેમ્બરે શિક્ષકો માટે કાર્યક્રમ હતો. બીજે દિવસે, સહજ માર્ગ પદ્ધતિ હેઠળ ધ્યાન કરવા માટે એકસો વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમોનું સંચાલન ત્યાંના અભ્યાસીઓ, ભાઈ પ્રસાદ અને વી.સી.રોય દ્વારા કરવામાં આવ્યું હતું.

# ટ્રેનીંગ કાર્યક્રમો

## પાનસેટ રિટ્રીટ સેન્ટર, પૂના

૪ અને ૫ ઓક્ટોબરના રોજ પાનસેટ રિટ્રીટ સેન્ટરમાં મહારાષ્ટ્રના એસ.આર.સી.એમ. યુવાનો માટે એક સભાનું આયોજન થયું હતું. ગુરુની સાથે સાંનિધ્ય કેવી રીતે કેળવવું, એ તેનો વિષય હતો.

રિટ્રીટ સેન્ટરનું નિર્મળ વાતાવરણ આ કાર્યક્રમના આયોજકો માટે અને ભાગ લેનાર ૪૦ અભ્યાસીઓ માટે આદર્શરૂપ હતું. વિષયો હતા – ગુરુજી સાથેનો સંબંધ અને સહજમાર્ગના મશાલધારક તરીકે યુવાનોની ભૂમિકા તથા સહજ માર્ગ પદ્ધતિના પાયાના સિદ્ધાંતો – આ ત્રણે મુદ્દાને આવરી લેતા વિષયોની ચર્ચા કરવામાં આવી હતી.

વક્તવ્યોની વચ્ચે ચલચિત્રો, ક્વીઝ, રમતો, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન, પૂ.માસ્ટરના લખાણમાંથી લીધેલા મુદ્દાઓનું વાંચનઅને અભ્યાસીઓ દ્વારા કેટલુંક હૃદયસ્પર્શી સંગીત, વગેરે વડે વિવિધતા લાવવામાં આવી હતી.

પૂનાના અભ્યાસીઓ દ્વારા થયેલ સરસ ભોજન તેમજ રહેઠાણની વ્યવસ્થા, તેમનો પ્રેમ અને કાળજી વગેરેને લીધે ભાગ લેનારાઓ માટે આ કાર્યક્રમ એક યાદગાર અનુભવ બની રહ્યો.

## ગાઝીયાબાદ, ઉ.પ્ર.

ગાઝીયાબાદ, સાહિબાબાદ અને નોઈડાના ૫૦ અભ્યાસીઓ કે જેમણે બે વર્ષથી ઓછા સમય સુધી સહજ માર્ગ પદ્ધતિનો અભ્યાસ કર્યો છે, તેમને માટે ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સૈદ્ધાંતિક પાસાંઓ કરતાં સાચી અને નિયમિત સાધના કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ભાગ લેનારાઓને લાગ્યું હતું કે સાધનાના પાયાના સિદ્ધાંતોને સાદી અને અસરકારક રીતે સમજાવવામા આવ્યા હતા. સતત સ્મરણ અને સફાઈને લગતા પુસ્તકોના વાંચન બાદ પણ રહી ગયેલા કેટલાંક શંકાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા પણ થઈ હતી. ખાસ કરીને નવા અભ્યાસીઓ માટે આવી ટ્રેનીંગ વારંવાર યોજાવી જોઈએ.

## જમ્મુ

૨૭મી સપ્ટેમ્બર અને ૯મી ઓક્ટોબરના રોજ બે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાંના એક, જેનેસીઝ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પીટીટીવ સ્ટડીઝ(આઈ.એ.એસ. બનવા ઈચ્છુક લોકો માટેનું ઈન્સ્ટીટ્યુટ)માં ૨૧થી ૨૫ વર્ષના ૩૫ વિદ્યાર્થીઓ હતા. તેમની સમક્ષ સહજ માર્ગને 'સંતુલિત જીવન જીવવાનો માર્ગ' તરીકે રજૂ કરવામાં આવ્યો હતો.

બીજું ઓપન હાઉસ જમ્મુથી ૯૦ કિલોમીટર દૂર આવેલા જ્યોતિપુરમ શહેરમાં એન.એચ.પી.સી.ના ૪૦થી ૪૫ વર્ષના કાર્યકર્તાઓ માટે યોજવામાં આવ્યું હતું. તેનો વિષય હતો, "સહજ માર્ગ – આધ્યાત્મિકતાનું એક નવું કિરણ."

બંને કાર્યક્રમોએ ઘણું સારું પરિણામ આપ્યું હતું. ૧૫ જણે સાધના શરૂ કરવા માટે રસ દાખવ્યો હતો.



## હૈદ્રાબાદ, આં.પ્ર.

૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૮ ને રવિવારે એસ.આર.નગર મેડિટેશન સેન્ટરમાં ૧૨૦ નવા અભ્યાસીઓ માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અભ્યાસીઓ એક વર્ષથી અભ્યાસ કરતા હોય તેમને માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે વર્ગખંડમાં લેવાતા વર્ગો કરતાં આ અરસપરસ આદાનપ્રદાન કરવાની રીત ભાગ લેનારાઓને વધારે સારી લાગી હતી.

'સહજ માર્ગમાં તમારું સ્વાગત છે' પુસ્તિકામાં રહેલા વિષયોને આધારિત સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી. બધાં જ વિષયોની ચર્ચા બહાર ખુલ્લા ચોગાનમાં રાખવામાં આવી હતી કે જેથી ભાગ લેનારાઓને એકબીજા સાથે ચર્ચા કરવાની સરળતા રહે. આ સેશનની સમાપ્તિ પૂ.માસ્ટરના ઓડિયો તવ્ય "પ્રેક્ટીસ ઓફ સહજમાર્ગ"થી કરવામાં આવી હતી.

## તિનસુકીયા



૧૯મી સપ્ટેમ્બરના રોજ, તિનસુકીયા આશ્રમ ખાતે ૬૪ અભ્યાસીઓ માટે અને દિબ્રુગઢ સેન્ટર ખાતે ૧૯ અભ્યાસીઓ માટે અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ યોજાયો.

ભાઈ અશોક સેનગુપ્તા દ્વારા સ્લાઈડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે પૂ.માસ્ટરના શબ્દો ઉલ્લેખીને કહ્યું, "પૂ.માસ્ટરને શરણે જવાની આ બધી વાતો અવાસ્તવલક્ષી છે. તે સરળ નથી. પરંતુ માસ્ટરને આપણે શરણે લાવવા સહેલા છે. તેને માટે 'તેમનું' કામ ઉપાડી લો!"

## આખા દિવસનો કાર્યક્રમ, બિદાર, કર્ણાટકા

૨૧મી સપ્ટેમ્બર, રવિવારના રોજ બિદારમાં આખા દિવસનો કાર્યક્રમ યોજાયો હતો, જેનું સંચાલન આપણા મિશનના જોઈન્ટ-સેક્રેટરી ભાઈ શ્રી એ.પી.દોરાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કર્ણાટકના ઝોન-ઈન-ચાર્જ ભાઈ રાજુ કશામપુરકાર અને બિદાર, ભાલકી, થનાકુશનૂર અને ગુલબર્ગાના લગભગ ૫૦ અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સવારના સત્સંગ પછી સમૂહ ચર્ચાઓ રાખવામાં આવી હતી, જેમાં લગભગ બધાં જ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. તેનો વિષય હતો, "આપણા સેન્ટરમાં મિશનના વિકાસમાં આપણું યોગદાન કેવી રીતે આપવું." ઘણાં બધાં અભ્યાસીઓએ તેમનાં મંતવ્યો રજૂ કર્યા, જેમ કે ઓપનહાઉસનું આયોજન કરવું, હોમ ગેધરીંગ કરવા, આપણા મિશનને રજૂ કરવા એક આદર્શ અભ્યાસી બનવું વગેરે. બપોર પછી "હબલ બબલ" શ્રેણીમાંથી પૂ.માસ્ટરના વક્તવ્યો પડદા પર બતાવીને સાંભળવામાં આવ્યા હતા. બધી રીતે જોતાં, વિચારોનું અરસ-અરસ આદાન-પ્રદાન કરતું તે એક સરસ સેશન હતું. દિવસ દરમિયાનમાં શીખવાના અનુભવોથી અભ્યાસીઓના ઉત્સાહમાં વધારો થયો અને આ નવા ઉત્સાહથી અભ્યાસીઓમાં સાધના કરવાનો નવો જુસ્સો પેદા થયો.



## હૈદ્રાબાદમાં વી.બી.એસ.ઈ.ના કાર્યક્રમોમાં જુવાળ

હૈદ્રાબાદનું મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ કેન્દ્ર અભ્યાસીઓ તથા વિદ્યાર્થીઓ, એમ બંનેના આધ્યાત્મિક મૂલ્યોના અભ્યાસ પર સતત ધ્યાન આપી રહ્યું છે.

૨૨મી ઓગસ્ટ ૨૦૦૮ના રોજ ઓસ્માનિયા મેડિકલ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે અઢી કલાકનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેના વિષયો હતા, 'યથાર્થ જીવન' અને 'ધ્યેય નિર્ધારણ'. ભાગ લેનારાઓએ આ કાર્યક્રમને શૈક્ષણિક માહિતીપ્રદ, પ્રેરણાત્મક, શુદ્ધિકારક તથા હૃદયસ્પર્શી ગણાવ્યો હતો.

સપ્ટેમ્બરના બીજા સપ્તાહના અંતમાં એક ટુકડીએ નાદિયાલની મુલાકાત લીધી હતી, જેનો હેતુ, તે વિસ્તારના ૩૮ શિક્ષકો માટે એસપીવાય.રેડ્ડી શાળામાં એક તાલીમ કાર્યક્રમ યોજવાનો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણ, શિક્ષકોની ભૂમિકા, પ્રાથમિક અને માધ્યમિક શાળાનો મૂલ્ય આધારિત અભ્યાસક્રમ, મૂલ્યો, જીવન અને તેની યથાર્થકતા, ગણિત સાથે શૈક્ષણિક મૂલ્યો અને મનનું નિયમન વગેરે વિષયો પર ચર્ચા થઈ હતી.

૭મી સપ્ટેમ્બરના રોજ અભ્યાસીઓ માટે મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણનો એક દિશાનિર્દેશ કાર્યક્રમ યોજાયો હતો અને ત્યારબાદ ૨૦ અને ૨૧મી સપ્ટેમ્બરના રોજ લગભગ ૬૫ અભ્યાસીઓ માટે સંપૂર્ણ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ વિષયો પર પ્રવચનો ઉપરાંત તેમને મૂલ્ય આધારિત રમતગમતો અને જૂથ પ્રવૃત્તિઓ જેવી કે ટૂંકા નાટકો, ગીતો, વગેરેમાં સક્રિય રીતે ભાગ લેવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમને શાળાઓનો સંપર્ક કેવી રીતે કરવો અને મૂલ્ય આધારિત શૈક્ષણિક કાર્યક્રમો અંગે સૂચનો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન કેવી રીતે કરવું તે પણ તેમને શીખવવામાં આવ્યું હતું.

૨૮મી સપ્ટેમ્બરે ઝોનલ આશ્રમ ખાતે મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ પર 'ઈ' અને 'એલ' જૂથની શાળામાં તથા અન્ય શાળાઓના શિક્ષકો માટે એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. ભાગ લેનાર શિક્ષકોને આશ્રમના વાતાવરણનો ઉદ્દાત્ત અનુભવ પણ થયો હતો અને કેટલાંકે એવું જણાવ્યું કે આ સેશનથી તેમનાં જીવનમાં એવું પરિવર્તન આવી ગયું છે કે જેની અસર તેઓ ભણાવે છે તે અભ્યાસક્રમ પર અને બાળકો પર, બંને પર પડશે.

### ગાઝિયાબાદ

આપણો આશ્રમ સ્થાનિક બી.એડ. કોલેજના ૭૦ વિદ્યાર્થીઓ માટેની એક મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ વિષયક વર્કશોપનો યજમાન બન્યો હતો. કોલેજના આચાર્ય, વિભાગીય વડાઓ અને કોલેજના અધ્યાપકોએ પણ આ સેશનમાં હાજરી આપી કે જેમાં મૂલ્યોની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો અને ધ્યાન દ્વારા મનના નિયમનના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ સેશનમાં ચર્ચાયેલ વિવિધ વિષયો હતાં, 'આત્માનું મહત્ત્વ અને મનનું શુધ્ધિકરણ', 'હું કોણ છું' અને 'માનવશરીરમાં મનની ભૂમિકા શું છે'. આત્મા સાથે જોડાણ કરવામાં આપણે આપણાં મનનો કેવી રીતે ઉપયોગ કરી શકીએ તથા આપણી જાતને જડતામાંથી છુટકારો અપાવવાની જરૂરિયાત વગેરેનો સમાવેશ થાય છે. ઉપરોક્ત સિદ્ધાંતોને વ્યવહારિક રીતે સમજાવવા માટે પ્રયોગો પણ યોજવામાં આવ્યા હતા.

મિશન અને સહજ માર્ગ પદ્ધતિનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો હતો. પાંચ મિનિટના પ્રાર્થના-ધ્યાન પછી, સેશનને સમાપ્ત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ તેમજ પ્રાધ્યાપકો, બંનેના પ્રતિભાવો હકારાત્મક રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન બહેન ચંદેર કાન્તા અને ભાઈ અંકુરે કર્યું હતું.

## રાંચીમાં મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ

### સેન્ટ એલોયસિયસ સ્કૂલ

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ મનોજ તિવારીએ શ્રી રામચંદ્ર મિશન, સહજ માર્ગ સ્પિરિચ્યુઆલિટી ફાઉન્ડેશન, સહજ માર્ગ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ તથા તેના મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી

ઉપરોક્ત સેશન પૂરું થયા બાદ ભાઈ ગીલબર્ટ પીન્ટોએ આભારવિધિ વ્યક્ત કરી હતી અને આ વર્કશોપના આયોજન બદલ તેમણે રાંચી કેન્દ્રના અભ્યાસીઓ તથા મહેમાનો તથા, મિશનનો આભાર માન્યો હતો. તેમણે ખાસ આનંદ વ્યક્ત કર્યો હતો કારણ કે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શાળાના વિદ્યાર્થીઓના કલ્યાણમાં રસ દાખવે છે.

### ઉર્સૂલાઈન સ્કૂલ

આ વખતે વી.બી.એસ.ઈના કાર્યક્રમનું સાચું ફળ એ મળ્યું કે સેન્ટ એલોયસિયસ સ્કૂલના કાર્યક્રમની વાત ઉર્સૂલાઈન સુધી વહેતી થઈ ગઈ હતી. ઉર્સૂલાઈનની બહેનોએ ભાઈ મુકેશ તનેજાને ફોન કરીને વિનંતી કરી કે ઉર્સૂલાઈન કોમ્યુનીટીના શિક્ષકો માટે આવા જ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે.

૨૭મી સપ્ટેમ્બરના રોજ બાળમંદિર, પ્રાથમિક સ્કૂલ, માધ્યમિક સ્કૂલ, ઈન્ટર કોલેજ અને ઉર્સૂલાઈન સંસ્થાઓના ૧૦૦ શિક્ષકો માટે મૂલ્યો આધારિત આધ્યાત્મિક શિક્ષણની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સેન્ટ એલોયસિયસ સ્કૂલમાંથી એ પ્રતિભાવ મળ્યો કે આ કાર્યક્રમ ટૂંકો અને બરડ બનાવવો તથા તેમાં શિક્ષકો સાથે આદાન-પ્રદાન વધારે ગોઠવવાં.

બે સ્કૂલો સાથે નિયમિત રીતે મૂલ્યો આધારિત શિક્ષણના કાર્યક્રમો શરૂ કરવામાં આવશે, જેનાથી શ્રી રામચંદ્ર મિશનને પૂ.માસ્ટરના કાર્યક્રમોને લોકો સુધી લઈ જવામાં મદદ મળશે અને યુવા વિદ્યાર્થીઓમાં આ મૂલ્યો ઉતારવામાં પણ મદદ મળશે.



### બરાઉની, બિહાર

અભ્યાસીઓ, શિક્ષકો અને બરાઉનીના બાળકો માટે ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ મૂલ્યો આધારિત આધ્યાત્મિક શિક્ષણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પટના સેન્ટરના ભાઈ વિજય કુમારે વિષયની માહિતી આપી હતી. તેમણે આજની શૈક્ષણિક પદ્ધતિમાંના મૂલ્યોનો પરિચય કરાવ્યો હતો અને મૂલ્યોના શિક્ષણ માટે વપરાતી વિવિધ પદ્ધતિઓ વિશે જણાવ્યું હતું. ધનબાદ સેન્ટરના બહેન દિપ્તીએ રજૂઆત કરી કે બાળકોને મૂલ્યોનું શિક્ષણ આપવા માટે પ્રયોગોનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે.

# ઓપન હાઉસ સેશન્સ

## બરાઉની રિફાઈનરી ટ્રેઈની એન્જિનિયર્સ

૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના રિફાઈનરી વિભાગના ૩૦ કામચલાઉ ઈજનેરો માટે સ્ટ્રેસ મેનેજમેન્ટ (તણાવનું સંચાલન) અને સેલ્ફ ડેવલપમેન્ટ (સ્વવિકાસ) વિષય પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રિફાઈનરીના સિનિયર અધિકારીઓએ હાજરી આપી હતી. ભાઈ પ્રબોધ સંઘવીએ ધ્યાન દ્વારા સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષય પર ચર્ચાની શરૂઆત કરી હતી. સ્વવિકાસ માટે ધ્યાનની અસરના સત્રમાં ડો.જી.એમ.ભટનાગરે સહજ માર્ગની આધ્યાત્મિક સાધના દ્વારા સંપૂર્ણપણે સ્વવિકાસ કેવી રીતે થઈ શકે છે તે વિશય ઉપર પ્રવચન આપ્યું હતું. આ વર્કશોપ દરમિયાન બેગુસરાઈ અને આસપાસના કેન્દ્રોનાં અભ્યાસીઓ સારી એવી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## રામનગર, ઉત્તરાખંડ

વનસંરક્ષક ભાઈ એન.વી.સિંઘના આમંત્રણને માન આપીને જંગલખાતાનાં બાવન કર્મચારીઓએ આ ઓપન હાઉસમાં હાજરી આપી હતી. મિશનના પ્રશિક્ષકો દ્વારા આપવામાં આવેલ પ્રવચનનો વિષય હતો, 'આધ્યાત્મિકતાનો પોકાર'. તેમણે એકચિત્તે સાંભળ્યા હતા અને ત્યારબાદ તેમની વચ્ચે થયેલ વાર્તાલાપે દર્શાવી આપ્યું કે શ્રોતાઓને સહજ માર્ગ વિશે વધુ જાણવાની તીવ્ર ઈચ્છા હતી.

## ઉજ્જૈન

આ સેન્ટરના અભ્યાસીઓ દ્વારા, ૫મી ઓકટોબર ૨૦૦૮ના રોજ આમંત્રિત કરાયેલા લગભગ ૧૧૦ આધ્યાત્મિક આકાંક્ષીઓ ભેગા થયા હતા.

આ ઓપન હાઉસની શરૂઆત બે વાર્તાલાપોથી થઈ હતી, જેના વિષયો હતા, 'મનુષ્ય જીવનનું લક્ષ્ય' અને 'સાધનાના મૂળ તત્ત્વો'. ભાઈ સંજય ખંડેલવાલે 'ગુરુદેવ અને મિશન' એ વિષય પર વાર્તાલાપ આપ્યો હતો.

કાર્યક્રમને અંતે પ્રશ્નોત્તરીનું એક સત્ર ભાઈ વિકલ્પ મુંદ્રા અને ભાઈ વાય.જી.જોષી દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. લગભગ ૮૦ જેટલા મહેમાનોને આ કાર્યક્રમ ખૂબ જ પસંદ પડ્યો હતો. તેમણે મિશનમાં જોડાવા માટેની ઈચ્છા દર્શાવી હતી.

## અમદાવાદ




૨૮મી ઓકટોબર ૨૦૦૮ના રોજ યોજાયેલા ઓપન હાઉસનો વિષય હતો, 'ધ્યાન દ્વારા મનનું સંચાલન'. આ કાર્યક્રમ માટે એન્જિનિયરીંગ શાખાના વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સફળતાને પરિણામે યુવાન વિદ્યાર્થીઓએ અભ્યાસ શરૂ કર્યો હતો.

નિરમા યુનિવર્સિટીના વિશાળ કેમ્પસ ઉપર અમદાવાદની નિરમા યુનિવર્સિટીના પ્રાધ્યાપકો માટે એક પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું, જેનો વિષય હતો, 'તણાવનું સંચાલન (સ્ટ્રેસ મેનેજમેન્ટ)'. તેમાં તણાવનો અસરકારક રીતે ઉકેલ લાવી, વ્યક્તિની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા બાબતે 'ધ્યાનની જરૂરિયાત' પર ચર્ચા થઈ હતી.

પ્રાધ્યાપકો ખૂબ ખુશ થઈ ગયા હતા અને તેમણે વક્તાને અને મિશનના કાર્યકર્તાઓને આમંત્રણ પાઠવ્યું કે તેઓ કોલેજના ફાઉન્ડેશન ડે ઉત્સવના દિવસે આવીને વિદ્યાર્થીઓ સમક્ષ વક્તવ્ય આપે.

## બી.એચ.ઈ.એલ., હૈદ્રાબાદ

સેન્ટ ઝેવીયર્સ પોસ્ટ-ગ્રેજ્યુએટ કોલેજ, સ્કોલર્સ ડિગ્રી કોલેજ અને રાવ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સનાં ૭૫ વિદ્યાર્થીઓએ ૨૦મી સપ્ટેમ્બરના રોજ, એક દિવસના કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો, જેનો વિષય હતો, 'મનના નિયમન માટે ધ્યાન'. તેમને મિશનનાં ધ્યેયો, યુવાનો માટે ધ્યાનનું મહત્ત્વ અને વ્યક્તિગત પરિવર્તન, કે જે છેવટે સામાજિક પરિવર્તન તરફ દોરી જાય છે, તેવા વિષયો પર માહિતી આપવામાં આવી હતી. પારસ્પરિક રમતો, પ્રશ્નોત્તરી તથા પૂ.માસ્ટરના વાર્તાલાપની વિડિયો વડે સેશનને વધુ આગળ ધપાવ્યું હતું.

ભાગ લેનારાઓમાંથી ૩૦ જણે સાધના શરૂ કરવામાં રસ દાખવ્યો હતો. બી.એચ.ઈ.એલ. સેન્ટર દ્વારા તેમના માટે પ્રારંભિક ધ્યાનની બેઠકો (સિટીંગો) તથા આનુષાંગિક મુલાકાતોનું આયોજન કરાઈ રહ્યું છે.

## સિબસાગર આશ્રમ



ભાઈ સુધીર ભરતીયા દ્વારા ૨૦મી સપ્ટેમ્બરના રોજ સિબસાગર જિલ્લામાં બે ઓપનહાઉસના સેશન યોજવામાં આવ્યા હતા. તેમાં જોરહટ, નાઝિરા અને તિનસુખિયાના અભ્યાસીઓ ભેગા થયા હતા. સાવારના સેશનના મહેમાનો મોટેભાગે ધંધાર્થીઓ તથા પત્રકારો અને કેળવણીકારો હતા. સાંજના સેશન દરમિયાન ઓઈલ ઈન્ડીયા લિમિટેડ તથા ચાના બગીચામાં રોપણીનું કામ કરનારા પરિવારોમાંથી ૧૭ મહેમાનો હાજર રહ્યા હતા. બીજા દિવસે તે પૈકીના ૯ આકાંક્ષીઓએ ધ્યાનની બેઠકો શરૂ કરી હતી.

## મસૂરી, ઉત્તરાખંડ

દેશની અગ્રણી વહીવટી તાલીમ આપતી સંસ્થા - લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન, મસૂરી ખાતે, સહજ માર્ગ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ભારતીય વહીવટી સેવાના ૧૯૯૫ની બેચના કોર્સની અધવચ્ચેના તાલીમ કાર્યક્રમમાં એપ્રિલ અને મે ૨૦૦૮ના મહિનાઓમાં સમગ્ર દેશમાંથી ૧૧૦ અધિકારીઓ હાજર રહ્યા હતા. તાલીમ કાર્યક્રમ દરમિયાન ગંગટોક કેન્દ્રના શ્રી રવિન્દ્ર તેલંગ (આઈ.એ.એસ.) અને ભોપાલ કેન્દ્રના શ્રી સચિન સિન્હા (આઈ.એ.એસ.) દ્વારા તાલીમાર્થીઓ સાથે ગુરુજી, મિશન અને પધ્ધતિ વિશે ઘણી અનૌપચારિક ચર્ચાઓ યોજવામાં આવી હતી. 'ધ્યાન દ્વારા સંતુલિત જીવન - એક આધ્યાત્મિક અભિગમ' એ વિષય ઉપર એક ઔપચારિક પ્રેઝન્ટેશન અને ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ પ્રકારનું એક અન્ય પ્રેઝન્ટેશન ૩૧મી મે ૨૦૦૮ના રોજ ભારતીય વહીવટી સેવાના ૨૦૦૭ની બેચના કામચલાઉ અધિકારીઓ માટે આયોજિત કરવામાં આવ્યું હતું. શ્રોતાઓએ તણાવના સંચાલન પર યોગ, ધ્યાન અને માનવમૂલ્યોની લાભદાયક અસરો કે જે છેવટે સંતુલિત જીવનમાં પરિણમે છે, તે વિષયમાં ઊંડો રસ દાખવ્યો હતો. બધું થઈને ૨૧ અધિકારીઓ તથા પાંચ પારિવારિક સભ્યો(જેમાં શ્રીલંકાની વહીવટી સેવાના એક અધિકારીનો સમાવેશ થાય છે)એ પ્રારંભિક બેઠકો લીધી તથા બે-ત્રણ મહિના જેટલા લાંબા તાલીમ કાર્યક્રમ દરમિયાન ધ્યાન શરૂ કર્યું. પૂ.બાબુજી મહારાજની જન્મજયંતિ ૩૦મી એપ્રિલના રોજ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કેટલાંક અભ્યાસી ભાઈઓ દહેરાદૂન ખાતેના આશ્રમમાં સત્સંગમાં પણ હાજર રહ્યા હતા.

પૂ.માસ્ટરે એક સંદેશમાં તેમને આવકાર્યા અને તેમણે આ નવા અભ્યાસીઓને આશીર્વાદ આપ્યા. તેમણે મિશનના કાર્યકર્તાઓને તેમની સંભાળ લેવાનું જણાવ્યું.

## ઉત્તર કર્ણાટકા

### વડી ખાતે ઓપન હાઉસ

૧૭ ઓગસ્ટના રોજ રેલ્વે કોલોની મજદૂર યુનિયન હૉલમાં એક પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં આશરે ૨૦ આકાંક્ષીઓ હાજર હતા. મોટાભાગના રેલ્વેમાં કામ કરનારા હતા. ડો.ગજેન્દ્રસિંહએ હિન્દીમાં મુખ્ય પ્રવચન આપ્યું હતું. તેઓ સાદી ભાષામાં સહજ માર્ગના વિવિધ પાસાંઓ વિશે બોલ્યા હતા. વડીના પ્રશિક્ષક ભાઈ કિશનરાવ દેશપાંડેએ આ પ્રોગ્રામનું સમાપન કર્યું હતું. ત્યારબાદ ઉત્સાહજનક ચર્ચા થઈ હતી. પાંચથી છ આકાંક્ષીઓએ સાધના શરૂ કરવા તેમની ઈચ્છા દર્શાવી હતી.

### ચિતાપુર

૨૪ ઓગસ્ટના રોજ વિઠ્ઠલમંદિર, ચિતાપુર ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આશરે ૫૦ સ્થાનિક લોકોએ ભાગ લીધો હતો. ભાઈ રાજુ કશામપુરકારએ કન્નડ ભાષામાં આપણા મિશન અને માસ્ટર વિશે વકતવ્ય આપ્યું હતું. ત્યારપછી ડૉ.ગજેન્દ્રસિંહે માનવજીવનનું સાચું લક્ષ્ય અને સહજ માર્ગ અભ્યાસની પધ્ધતિ વિશે હિન્દીમાં વકતવ્ય આપ્યું હતું. છેવટે ભાઈ નારાયણ રાવે કન્નડમાં આધ્યાત્મિક સાધના શરૂ કરવાની તાકીદની જરૂરિયાત વિષે કહ્યું હતું. બધા આકાંક્ષીઓએ આ બધાં વકતવ્યો ખૂબજ ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા. અંતમાં તેમણે થોડા પ્રશ્નો પૂછ્યા હતા અને તેની સ્પષ્ટતા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સમાપન ચિતાપુરના પ્રશિક્ષક ભાઈ મધુકરરાવ નાઈકના આભારવચનથી કરવામાં આવ્યું હતું.

### ગુલબાર્ગામાં હોમ-ગેધરીંગ

ભાઈ મહેશ દેશપાંડેના ઘરે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦થી ૨૫ વર્ષના આશરે ૧૦ યુવાનો હાજર રહ્યા હતા. ડો.ગજેન્દ્રસિંહે કન્નડ ભાષામાં પ્રવચન આપ્યું હતું અને ભાઈ શ્રીકાન્ત જોશીએ હિન્દી ભાષામાં પ્રવચન આપ્યું હતું. સહજ માર્ગ અભ્યાસીની પધ્ધતિની સરળતા અને અસરકારકતા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. યુવાનોએ આ પ્રવચનો ખૂબજ ધ્યાનપૂર્વક સાંભળ્યા હતાં અને અંતમાં ઘણાં પ્રશ્નો પૂછ્યા હતાં. પ્રતિભાવ ખૂબજ સારો રહ્યો હતો. આ ઘરમાં પ્રોગ્રામ દરમિયાન સૂક્ષ્મ આધ્યાત્મિક વાતાવરણ રૂપે પૂ.માલિકની હાજરી અનુભવાઈ હતી.






### કોપ્પાલ

૨૫ આકાંક્ષીઓને ભાઈ જી.એમ.કામત અને ભાઈ રાજુ કશામપુરકાર દ્વારા આપણા મિશનની પ્રાથમિક માહિતી પૂરી પાડવામાં આવી હતી. ચર્ચા વિચારણા બાદ ચેલબર્ગા અને કોપાલના બાળકો દ્વારા એક નાનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવો હતો. ત્યારબાદ આપણી સાધના કઈ રીતે વધારે સારી બનાવવી અને આપણા કેન્દ્રનો વિકાસ ઝડપથી કઈ રીતે કરવો", તે ઉપર સમૂહ-ચર્ચા રાખવામાં આવી હતી. તેમાં દસ જૂથ હતા. અને દરેક જૂથની મુખ્ય વ્યક્તિએ તેના જૂથના ૧૩૦ અભ્યાસીઓએ રજૂ કરેલા મુદ્દાનો સાર રજૂ કર્યો હતો. આ આખા દિવસના કાર્યક્રમમાં કોપ્પાલ, ગંગાવટી, બેલારી, કામ્પલી-કોટલ, ચેલબર્ગા અને હુબલી જેવા વિવિધ સેન્ટરોમાંથી ૧૩૦ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. બધાં અભ્યાસીઓએ જણાવ્યું કે આ કાર્યક્રમથી મળેલા લાભ દ્વારા તેમના પર ખૂબ અસર થઈ હતી.

## નિબંધ સ્પર્ધા




યુનાઈટેડ નેશન્સના યુવા દિનની ઉજવણીના ભાગરૂપે સ્કૂલ, કૉલેજ, અને શ્રી રામચંદ્ર મિશન દ્વારા આખા દેશના આશ્રમોમાં યુનાઈટેડ નેશન્સ અને શ્રી રામચંદ્ર મિશન ઉપક્રમે અખિલ ભારતીય નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય બાળકો અને યુવાનોમાં મૂલ્યોનું સિંચન કરવાનો હતો, જે તેમનામાં રહેલી ભરપૂર શક્તિનો, ઉત્સાહનો, આદર્શતાનો અને ખુલ્લી માનસિકતાનો સુમેળ સાધવા માટેનો હતો.

હાલમાં જે નિબંધોનું મૂલ્યાંકન થઈ રહ્યું છે, તેમાં ૧૦ થી ૨૪ વર્ષના, ૭૫,૦૦૦ બાળકો અને યુવાનો એ ભાગ લીધો હતો. ૧૦થી ૧૬ વર્ષના જુનીયર વિભાગના બાળકોએ 'સત્ય જ હિંમત છે' એ વિષય પર નિબંધ લખ્યો અને ૧૭થી ૨૪ વર્ષના સિનિયર વિભાગના યુવાનોએ 'આત્મ-સન્માન અને આત્મ-વિશ્વાસ વ્યક્તિના ચારિત્ર્યને ઘડી શકે છે' વિષય પર નિબંધ લખ્યો હતો. આ નિબંધો અંગ્રેજી તથા બીજી ઘણી પ્રાદેશિક ભારતીય ભાષાઓમાં આવેલા હતા. આ સ્પર્ધા માત્ર વિદ્યાર્થીઓએ જ માણી નહોતી પણ આમાં ભાગ લેનાર મિશનના સ્વયંસેવકોને પણ અનુભવથી ઘણું શીખવા મળ્યું હતું.

આખા દેશમાંથી વિશાળ પ્રમાણમાં એટલે કે પંચકુલાની દૂન સ્કુલમાંથી ઉત્તર ભારતની પંજાબ યુનિવર્સીટીમાંથી, દક્ષિણ ભારતની ઘણી શાળાઓમાંથી આશરે ૬૫૦૦ વિદ્યાર્થીઓએ અંગ્રેજી અને હિન્દી ભાષામાં આ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જમશેદપુર ધનબાદ, બોકારો, રામગઢ, લાલપાનીયા, પટના, સિંદ્રી વગેરે જેવા કેન્દ્રોએ પણ આ નિબંધ સ્પર્ધા યોજી હતી. જે મોટી સંખ્યામાં યુવાન વિદ્યાર્થીઓના હૃદયને સ્પર્શી હતી. શીમોગા, કર્ણાટકમાં ૫ થી ૧૦ ધોરણના પચાસ અંધ વિદ્યાર્થીઓએ પણ આ સ્પર્ધામાં ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ બોલીને સ્વયંસેવકો પાસે લખાવ્યું હતું.


નિબંધસ્પર્ધાએ સ્વયંસેવકોની યોજના કરવાની આવડતમાં વધારો કર્યો હતો. જે અભ્યાસીઓએ બીજી સંસ્થાઓમાં, સંપર્કો કરવાનું આ સ્પર્ધાનું નિરીક્ષણ કરવાનું અને આ નિબંધોનું મૂલ્યાંકન કરવાનું કામ લીધું હતું, તેઓ આ સ્પર્ધાના આયોજનને કારણે એકત્ર થઈ શક્યા હતા. શાળાઓના પ્રિન્સીપલ અને શિક્ષકોએ આ સ્પર્ધા તેમની નિશાળોમાં યોજવા માટે જે રસ દર્શાવ્યો, તે તેમના માટે સુખદ આશ્ચર્ય હતું. ઘણા શિક્ષકો અને ઈન્સ્ટિટ્યુટના વડાઓએ સહજ માર્ગની ધ્યાન પધ્ધતિ બાબતે પણ પૂછ-પરછ કરી હતી અને તેમાનાં ઘણાઓએ આ અભ્યાસ ચાલુ કરવાની ઈચ્છા પણ વ્યકત કરી હતી. આ નિબંધ સ્પર્ધાનું પરિણામ નવેમ્બર મહિનાના અંતમાં જાહેર થાય તેવી ધારણા છે. હિન્દી અને અંગ્રેજી ભાષાના બંને જૂથના ત્રણ શ્રેષ્ઠ નિબંધોને ટ્રોફી આપવામાં આવશે. જ્યારે ભારતની બીજી ભાષાઓના ત્રણ શ્રેષ્ઠ નિબંધો માટે ભેટ રૂપે પુસ્તકો આપવામાં આવશે તથા મેરિટ સર્ટિફીકેટો પણ આપવામાં આવશે.



# પ્રકાશનાં કેન્દ્રો

## એક વધુ આશ્રમ આકાર લઈ રહ્યો છે: સેવાશ્રમ, તિરૂવનંતાપુરમ







કેરાલા રાજ્યની રાજધાની તિરુવનંતપુરમને અરુવિકારા ડેમની નજીક આશ્રમની સુંદરતા મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. એ યાદ રાખવું અતિ મૂલ્યવાન છે કે થોડા વર્ષો પહેલાં પૂ.માસ્ટર, બાબુજી મહારાજ સાથે તેમની આ શહેરની મુલાકાત વખતે ત્રાવણકોરના મહારાજાના મહેમાન બન્યા હતા. તે વખતે મહારાજા અને તેના કુટુંબે સત્સંગમાં ભાગ લીધો હતો. અરેબિયન સમુદ્ર અને પશ્ચિમની ઘાટી વચ્ચેની પટ્ટી પર વસેલા તિરુવન્નતપુરમના અભ્યાસીઓ છેલ્લા દશકાથી એક આશ્રમ હોવાનું સ્વપ્ન સેવતા હતા. તેમની પ્રાર્થનાઓનો જવાબ ત્યારે મળી ગયો કે જ્યારે ૧૫ એપ્રિલ ૨૦૦૬ના રોજ, પૂ.માસ્ટરે કેરાલા અને તામિલનાડુની નજીકના કેન્દ્રોના હજારો અભ્યાસીઓની હાજરીમાં આશ્રમનું ખાત–મૂર્હુત કર્યું.

૧૫ એપ્રિલ ૨૦૦૬નો દિવસ ત્રિવેન્દ્રમના અભ્યાસીઓને હંમેશ માટે યાદ રહેશે. ખાત–મૂર્હુત કર્યા પછી આપણા અતિ–પ્રિય પૂ.માસ્ટરે એ જગ્યા ઉપર સત્સંગ કરાવ્યો હતો અને તે પછી પૂ.માસ્ટરે તેમના બોધ–વચન દ્વારા અભ્યાસીઓને આર્શીવાદ આપ્યા હતા.

આશ્રમનો વ્યાપ ત્રણ એકરનો છે અને તેની બાજુમાં બે એકરમાં અભ્યાસીઓના રહેવા માટેના ઘર ફેલાયેલા છે. આ સ્થળ તિરુવન્નતપુરમના રેલ્વે સ્ટેશનથી ૧૭ કિ.મી. અનહ એરપોર્ટથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલું છે. અરુવિક્કારા ડેમ, જે નજીકમાં જ છે, તે શહેરને પીવાનું પાણી પૂરું પાડે છે. આશ્રમની જમીન ડેમના સંગ્રહ થયેલા પાણીવાળા વિસ્તારમાં છે અને ત્યાં પુષ્કળ વૃક્ષો છે. લીલોતરી અને અદભુત દેખાવ રોમાંચિત અનુભવ કરાવે છે. પ્રિય માસ્ટરે આ આશ્રમને સેવાશ્રમ નામ આપ્યું છે. આ આશ્રમ તિરુવન્નતપુરમથી વેલાનાદ્દના જાહેર માર્ગ ઉપર ડાબી બાજુએ આવેલ છે.

આ જગ્યા ઉપર આવેલા એક નાના મકાનને હંગામી ધ્યાનકક્ષમાં રૂપાંતરિત કરવામાં આવેલું છે અને રવિવારનો સત્સંગ ત્યાં કરાવવામાં આવે છે. માલિકે આશ્રમના નકશાને મંજૂરી આપી દીધેલી છે અને હાલમાં પાયાના ચણતરનું કામ પુરૂ થવા પર છે. જેમ આપણા પૂ.માસ્ટરે કહ્યું છે તેમ, આશ્રમો પ્રકાશનાં કેન્દ્રો છે. તે અંધકારને દૂર હટાવી, દિવ્ય પ્રકાશ ફેલાવે છે. આપણે બધા અધીરાઈથી આપણા અતિપ્રિય પૂ.માલીકના વરદ હસ્તે કરવામાં આવનારા અને ઉત્સાહપૂર્વક આ નવા પ્રકાશના કેન્દ્રના ઉદઘાટનની રાહ જોઈ રહ્યા છીએ, અને અમને ખાતરી છે કે તે દિવસ બહુ દૂર નથી.

## એસ.આર.સી.એમ.

મિશનમાં અભ્યાસીઓની ઓળખ માટે બે જાતના કાર્ડ આપવામાં આવેલા છે. કોઈપણ અભ્યાસી પાસે આ બે કાર્ડમાંથી એક કાર્ડ હોવું જરૂરી છે.

### પ્રાથમિક કાર્ડ

જ્યારે અભ્યાસી સહજ માર્ગના અભ્યાસમાં જોડાય ત્યારે આ કાર્ડ આપવામાં આવે છે. કાર્ડ આપ્યા પછીની તારીખથી એક વરસ સુધી તેની મુદત હોય છે. અભ્યાસીએ અભ્યાસ માટે પરિચય એટલે ઈન્ટ્રોડ્કશન ફોર્મ ભરવું જોઈએ. આ ફોર્મ પ્રવેશ કરાવનાર પ્રશિક્ષકને આપવાથી આ કાર્ડ મળે છે.

### અભ્યાસી કાર્ડ

આ કાર્ડ ઓછામાં ઓછા છ મહિનાના અભ્યાસ પછી આપવામાં આવે છે. આ કાર્ડ મેળવવા:

- અભ્યાસી પાસે પ્રાથમિક કાર્ડ હોવું જોઈએ.
- અભ્યાસીએ છ મહિનાનો નિયમિત અભ્યાસ પૂરો કરેલો હોવો જોઈએ.
- પ્રશિક્ષકની ભલામણ જરૂરી છે.
- અભ્યાસી ખોવાયેલા અથવા જૂના અભ્યાસી કાર્ડની જગ્યાએ નવા કાર્ડની માંગણી કરી શકે છે.

બીજા કોઈપણ પ્રકારનું ઓળખપત્ર માન્ય નથી. ઉપરના બે કાર્ડની અરજી કરવા અથવા તેને લગતી માહિતી મેળવવા અભ્યાસીઓએ સ્થાનિક કેન્દ્રના કો–ઓર્ડિનેટર અથવા સેન્ટર –ઈન્ચાર્જનો સંપર્ક કરવો જોઈએ. સ્થાનિક કેન્દ્રના કો–ઓર્ડિનેટર મુખ્ય કેન્દ્રના કો–ઓર્ડિનેટર સાથે કામ કરે છે. તમારા ઝોનના ઈન્ચાર્જ પાસે તમારા મુખ્ય કેન્દ્રના કો–ઓર્ડિનેટરનો સંપર્ક કરવાની સંપૂર્ણ માહિતી હોય છે. બીજી બધી પૂછ–પરછ માટે સંપૂર્ણ માહિતી સાથે ઈ–મેલ કરો. **in.idcard@srcm.org**.

**To subscribe to this Newsletter please visit http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp**
**For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2008 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved.
"Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.
This message may be edited for content and is intended exclusively for the members of SRCM.